નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, વર્ગ-૧ અને
સબ ઓડીટર, વર્ગ-૩ની જગ્યા એબયન્સમાંથી
મુક્ત કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૦/૦૨/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૧/૦૨/૧૯ના ઠરાવ ક્રમાંકઃ-મકમ/ ૧૧૨૦૧૬/૪૧૬૭૭/ અ

૨. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૩/૧૨/૨૦૧૯નો પત્ર ક્રઃવિજાક/મકમ/૨૦૧૯-૨૦/૨૧૩૦

**ઠરાવઃ-**

સંદર્ભ ક્રમાંકઃ(૧)માં દર્શાવેલ તા.૦૧/૦૨/૧૯ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની કુલ ૮૯૮ જગ્યાઓ તા.૨૯/૨/૨૦૨૦ સુધી ચાલુ રાખવાની મંજૂરી આવેલ છે.

સંદર્ભ ક્રમાંક (૨) માં દર્શાવેલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૦૩/૧૨/૨૦૧૯ના પત્ર અનુસાર નિયામકશ્રી, વર્ગ-૧ ની જગ્યા તા.૦૧/૨/૨૦૧૪ થી તથા સબ ઑડિટર, વર્ગ-૩ ની એક જગ્યા તા.૬/૧૦/૨૦૧૮થી ખાલી રહેલ હતી. આ જગ્યાઓ એબેયન્સમાંથી મુક્ત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

વિચારણાના અંતે સબ ઑડિટર, વર્ગ-૩ ની એક જગ્યા એબેયન્સમાંથી મુક્ત કરવામાં આવે છે તથા નિયામકશ્રી, વર્ગ-૧ ની જગ્યા ૩ વર્ષ કરતા વધારે સમયથી ખાલી રહેલ હોઇ આ અંગે ભવિષ્યમાં કાળજી રાખવાની શરતે એબેયન્સમાંથી મુક્ત કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

ઉક્ત મંજૂરી નાણા વિભાગની તા.૧૮/૦૨/૨૦૨૦ની નોધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(દીપલ હડીયલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.) સચિવાલય,ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ના.સે.અધિ.શ્રીની સિલેકટ ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ